**(૧).** આ કામે ફરીયાદીએ ધી નેગો. ની કલમ– ૧૩૮ અન્વયેની ખાનગી ફરીયાદ સામાવાળા વિરૂદ્ધ દાખલ કરેલ છે. તાજેતરમાં નામ.સર્વોચ્ચ અદાલતની બંધારણીય બેંચ દ્રારા SUO MOTU WRIT PETITION (CRL.) NO.2/2020, Date: 16/04/2021 ના ચુકાદામાં આપેલ ડાયરેકશન મુજબ આ કામના સામાવાળા વિરૂદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરતા પહેલા હાલની ફરીયાદીને બી.એન.એસ.એલ.ની કલમ- ૨૨૩ અન્વયે કોર્ટ ઈન્કવાયરીમાં રાખવામાં આવેલ અને આરોપીને નોટીસ કરેલ છે.

**( ૨).** આ તબકકે નામ.સુપ્રિમ કોર્ટે બંધારણીય બેંચના SUO MOTU WRIT PETITION (CRL.) NO.2/2020 (ઉપરોકત) ચુકાદામાં નીચે મુજબનું અવલોકન કરેલ છે.

> “12. .. .. .. On a holistic reading of Section 145 along with Section 202, we hold that Section 202 (2) of the Code is inapplicable to complaints under Section 138 in respect of examination of witnesses on oath. The evidence of witnesses on behalf of the complainant shall be permitted on affidavit. If the Magistrate holds an inquiry himself, it is not compulsory that he should examine witnesses. In suitable cases, the Magistrate can examine documents for satisfaction as to the sufficiency of grounds for proceeding under Section 202.
>
> 24. The upshot of the above discussion leads us to the following
> conclusions:
>
> 2) Inquiry shall be conducted on receipt of complaints under Section 138 of the Act to arrive at sufficient grounds to proceed against the accused, when such accused resides beyond the territorial jurisdiction of the court.
>
> 3) For the conduct of inquiry under Section 202 of the Code, evidence of witnesses on behalf of the complainant shall be permitted to be taken on affidavit. In suitable cases, the Magistrate can restrict the inquiry to examination of documents without insisting for examination of witnesses.”

આમ નામ.સુપ્રિમ કોર્ટે ઉપરોકત ચુકાદામા આપેલ ડાયરેકશન તેમજ ફરીયાદીની ફરીયાદ, રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા ફરીયાદના સમર્થનમાં ફરીયાદીનું બી.એન.એસ.એસ. ની કલમ–૨૨૩ અન્વયેનું વેરીફીકેશન સોગંદનામું વંચાણે લેવામાં આવેલ છે. ફરીયાદીના વિ.વ.શ્રીની રજુઆતો સાંભળી.

**(૩).** આ તબકકે તાજેતરમાં નામ. સુપ્રિમ કોર્ટના એક ચુકાદા **CRIMINAL APPELLATE JURISDICTION CRIMINAL APPEAL NO. 1755 OF 2010 SANJABIJ TARI VERSUS KISHORE S. BORCAR & ANR.** ના પેરા નં. ૩૬(ઈ) નીચે મુજબ છે.

> ***36*** ***E. Recently, the High Court of Karnataka in Ashok Vs. Fayaz Aahmad, 2025 SCC OnLine Kar 490 has taken the view that since NI Act is a special enactment, there is no need for the Magistrate to issue summons to the accused before taking cognizance***

***(under Section 223 of BNSS) of complaints filed under Section 138 of NI Act. This Court is in agreement Criminal Appeal No.1755/2010 Page 15 of 19 with the view taken by the High Court of Karnataka. Consequently, this Court directs that there shall be no requirement to issue summons to the accused in terms of Section 223 of BNSS i.e., at the pre-cognizance stage***

ઉપરોકત પેરામાં નામ.સુપ્રિમ કોર્ટે સ્પષ્ટપણે જણાવેલ છે કે, ઈન્કવાયરીના તબકકે આરોપીને નોટીસ આપવી ફરજીયાત નથી. જેથી માત્ર ફરીયાદી દ્રારા રજુ દસ્તાવેજો ધ્યાને લઇને આરોપી સામે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ સમન્સ ઈસ્યુ કરી શકાય.

આ કામે ફરીયાદીએ ધી નેગો.ની કલમ– ૧૩૮ અન્વયેની ખાનગી ફરીયાદ આરોપી વિરૂદ્ધ રજુ કરેલ છે. આ કામે દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા આરોપીએ તેઓના ખાતાનો ચેક ફરીયાદીને આપેલ છે અને સદરહું ચેકમાં આરોપીએ સહી કરેલ હોવાનું પ્રાથમીક દ્રષ્ટિએ જણાય આવે છે. સદરહું ચેક ફરીયાદીએ અત્રેની અદાલતની હકુમતમા આવેલ બેંકમાં તેઓ દ્રારા નિભાવવામાં આવતા ખાતામાં રજુ કરેલ છે જે પરત થયેલ છે. જે તમામ હકીકતો ધ્યાને લેતા આરોપીએ ધી નેગો. ની કલમ –૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે. જેથી હાલની ફરીયાદ ઈન્કવાયરીને ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને ફોજદારી કેસ રજીસ્ટરે દાખલ કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીને નોટીસની જાણ થયેલ છે પરંતુ હાજર નથી. ફરીયાદીએ ફરીયાદ તથા તેની સાથે રજુ કરેલ દસ્તાવેજોની નકલ રજુ કર્યેથી આરોપીને મુદત **તા. ૦૧/૦૮/૨૦૨૬** ના રોજનો ધી નેગો. ની કલમ– ૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હા સબબનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૦૪ મી, માહે– જુલાઇ, સને – ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્રી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૪/૦૭/૨૦૨૬
ધનસુરા.

(અર્પિત અતુલભાઈ જાની)
જયુડી.મેજી.ફ.ક.,ધનસુરા
જજ કોડ નં. જીજે૦૧૬૪૪